ગાંધીનગર સમાચાર

# બી પોઝિટિવ

ઘણા લોકોને આદત હોય છે, કોઈને પણ સલાહ આપતા હોય ત્યારે ઘડીએ ઘડીએ કહે, બી પોઝિટિવ! જીવન પ્રત્યે સકારાત્મક બનો. આમ જુઓ તો આપણને લાગે કે બરાબર છે કોઈને સલાહ આપતી વખતે આવું કહી જ શકાય પણ મારૂ કહેવું છે, કેટલી હદ સુધી પોઝિટિવ બનવું એ કેવી રીતે નક્કી કરવું?

હમણાં થોડા દિવસ પહેલાની જ વાત છે. એક પત્નીએ એના પતિનો શર્ટ ધોવા માટે લીધો તો એમાં એક બાજુએ લિપસ્ટિકનું નિશાન હતું. કોઈએ ત્યાં એના બે હોઠ ચોંટાડી દીધા હોય એવું નિશાન ઉપસી આવેલું. પત્નીએ તરત પતિને કડક સૂરમાં પુછ્યું, 'આ શર્ટ ઉપર લિપસ્ટિકનો ડાઘ છે!' પતિ પગથી લઈને માથા સુધી ધ્રુજી ઉઠ્યો અને ગંભીર થઈને કહે, 'હું તને સમજાવી શકું છું, એમાં એવું થયું ને કે...' પત્નીએ પતિ વધારે લોચાવાળે એ પહેલા વચ્ચેથી જ એને અટકાવીને કહ્યું, 'સેમ કલર અને એ જ સેડની લિપસ્ટિક મારે જોઈએ છે. કાં તો તું ખરીદી લાવ કાં તો પૂછી લાવ એણે ક્યાંથી લીધી!'

પતિની તો કાપો તો લોહી ના નીકળે એવી હાલત થઈ ગઈ. એની પત્ની આટલી બધી પોઝિટિવ ક્યારે અને કેવી રીતે થઈ ગઈ એ જ એની સમજમાં ના આવ્યું. એણે હસું હસું થઈ રહેલા ચહેરે તરત જ વચન આપી દીધું, 'ચોક્કસ, ચોક્કસ વ્હાલી તારા માટેય સેમ એવી જ લિપસ્ટિક લઈ આવીશ!'



## લવ યુ જિંદગી

નિયતી કાપડીયા

આ તો થયો એક રમૂજી કિસ્સો પણ ઘણી વખત આનું ઊંધું પણ બને. એક છોકરાની બોર્ડની પરીક્ષા ચાલું થઈ રહેલી. હવે થોડાક જ દિવસો બાકી બચેલા. ઘરે જે જે સગા એ છોકરાને મળવા આવે એ બધા એક જ વાત કહેતા, 'જરાય ટેન્શન નહીં લેવાનું, બધુ સારું જ થશે, બી પોઝિટિવ!' હવે થયું એવું કે છોકરાને સાચેસાચ જરાય ટેન્શન જ ના થાય. એનો સીલેબસ હજી બાકી બોલે, ઘણું બધુ વાંચેલું ભુલાઈ ગયેલું અને છોકરાને જરાય ચિંતા જ ના થાય. એ બિન્દાસ્ત ખાય-પીવે, ટીવી જુએ અને એના મિત્રો સાથે ફોન ઉપર ચર્ચા કરે રાખે! એને જોઈ જોઈને તો એના પપ્પાનું બીપી વધી ગયું, એની મમ્મીની રાતોની ઊંઘ ઊડી ગઈ.

હાલ છોકરને કશું વધારે કહેવું પણ કેમ? છેવટે એમણે એક દિવસ એ છોકરાને પાસે બેસાડીને બધી વાત કરી. ત્યારે છોકરાએ જાતે જ કહ્યું કે, એ ઈચ્છે છે કે એને ટેન્શન થાય પણ એ પરીક્ષાનું પ્રેસર આવી જ નથી રહ્યું! પરીક્ષા ચાલું થવાની હોય એના થોડા દિવસો પહેલા એક બીક લાગતી પરિક્ષાની, એના પરિણામની અને એના લીધે જ વાંચવાની સ્પીડ આવતી, ખૂબ સારી રીતે બધુ વંચાઈ જતું. હાલ કોઈ ચિંતા જ થતી નથી.

અહિયાં છોકરના માબાપ સમજદાર હતા એમણે તરત છોકરને ટ્યુશન ભણાવતા સાહેબ સાથે વાત કરી, બધી સમસ્યા જણાવી. સાહેબે એમને એક કાઉન્સિલરનું સરનામું આપ્યું અને તરત બાપ બેટો ત્યાં જઈને મળી આવ્યા. ખેર એમની સમસ્યાનો તો હલ આવી ગયો પણ ત્યારથી એમણે ઘરમાં, 'બી પોઝિટિવ' શબ્દ બોલવા પર થોડો સમય પ્રતિબંધ મૂકી દીધો!

ટૂંકમાં ક્યાં ડરવું જોઈએ અને ક્યાં ના ડરવું જોઈએ એ જાણી લેવું પણ જરૂરી છે, જીવનની આ સફરમાં કયું ક્યારે કામ લાગી જાય કંઈ કહી ના શકાય, બી પોઝિટિવ!

ભરતઃ નિમલા આ જાહેરાત વાળા કહે છે, 'ડરકે આગે જીત હૈ', હું કાલે એમની વાત માનીને ડાઘીયા સામે થયો તો એય મારી સામે થયેલો અને મને એક કિલોમીટર સુધી દોડાવેલો.

નિમેષઃ ભરતા હું તને બે નવા સૂત્ર આપું એનું બરાબર પાલન કરજે, એક 'ડરના મના હૈ' અને બીજું 'ડરના જરૂરી હૈ!'

# મણિનગર શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્ય શ્રી પુરુષોત્તમદાસ સ્વામીજી મહારાજ ૭૮મું પ્રેમાંજલિ પર્વ ઉજવશે



સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાનની અનુગામીના નાદવંશીય ગુરુપરંપરામાં પાંચમી પેઢીના વારસદાર અને વર્તમાન સમયે મણિનગર શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજનો તારીખ ૨૮-૦૫-૨૦૨૦ ના રોજ ૭૮મું પ્રેમાંજલિ પર્વ છે.

પરમ પૂજ્ય આચાર્ય સ્વામીજી મહારાજે વિશ્વમાં શાંતિ બની રહે તે માટે સક્રિય રહી સામાજીક, રચનાત્મક પ્રવૃત્તિઓ સહીત નાતજાતના ભેદભાવથી પર રહીને અઢારે આલમ ને સમદ્રષ્ટિથી નિહાળ્યા છે. સનાતન વૈદિક ધર્મમાં ઉદારતાના પાઠ શ્રી સ્વામિનારાયણ ગાદીના આદ્ય આચાર્ય પ્રવર ગુરુદેવ શ્રી મુક્તજીવન સ્વામીબાપા પાસેથી મેળવ્યા છે. તેઓશ્રીનું પાવનકારી સાનિધ્ય, સત્સંગ અને પ્રસંગોથી અસંખ્ય મુમુક્ષોના જીવતરને સાર્થક બનાવવાના યજ્ઞમાં સક્રિય રહે છે. તેઓશ્રીમાં પ્રભુભક્તિ, ગુરૂભક્તિ અને રાષ્ટ્રભક્તિનો સમન્વય છે, તેમજ સેવા, સમર્પણ, સહજતા અને સરળતાનો સંગમ દીપી ઊઠે છે એવી તેઓશ્રીની લોકોત્તર પ્રતિભા છે.

વિશ્વભરમાં છવાયેલા શ્રી સ્વામિનારાયણ ગાદી પરિવારના હરિભક્તો પોતાના ઘરે રહી સાદાઈથી પર્વ ઉજવશે.

# એસ.કે પટેલ ઈન્સ્ટીટયુટના વિદ્યાર્થીઓને લોકડાઉનમાં પણ જોબ પ્લેસમેન્ટની ઓફર

ગાંધીનગર, તા.૨૭

એક તરફ લોકડાઉનને કારણે ચોતરફ ધંધા-રોજગાર ઠપ્પ થઈ ગયા છે અને આર્થિક ગતિવિધિઓ પર ખૂબ મોટી અસર પડી છે ત્યારે બીજી તરફ ગાંધીનગરની કડી સર્વવિશ્વવિદ્યાલય સંલગ્ન એસ.કે પટેલ ઈન્સ્ટીટયુટના વિદ્યાર્થીઓને લોકડાઉનમાં પણ વિવિધ કંપની દ્વારા નોકરીની ઓફર મળી રહી છે.

કોરોના જેવી મહામારીના સમયગાળામાં જ્યાં શિક્ષણ કાર્ય માર્ચ મહિનાથી બંધ છે ત્યારે કડી સર્વવિશ્વવિદ્યાલય સંલગ્ન એસ.કે પટેલ ઈન્સ્ટીટયુટના વિદ્યાર્થીઓને માર્ચ મહિનાથી જ ઓનલાઈન વર્ગ લઈને શિક્ષણ આપવામાં આવી રહ્યું છે જેથી વિદ્યાર્થીઓના શિક્ષણને અસર ના થાય. આ સાથે સંસ્થા દ્વારા વિદ્યાર્થીઓના જોબ પ્લેસમેન્ટ માટે ઓનલાઈન પ્રયાસો ચાલુ છે. જેના પગલે લોકડાઉનના આ સમયગાળામાં વિદ્યાર્થીઓને ઓનલાઈન પ્લેસમેન્ટ દ્વારા વિવિધ કંપનીની નોકરીની પણ ઓફર મળી રહી છે. સંસ્થા દ્વારા પ્રાપ્ત વિગતો અનુસાર ૧૦૦ કરતાં વધુ કંપનીઓ દ્વારા વિદ્યાર્થીઓને સરેરાશ રૂ. ૩ લાખના પેકેજની જેમાં સૌથી મહત્તમ રૂ.૭ લાખ સુધીના પેકેજની ઓફર કરવામાં આવી છે. કોલેજ દ્વારા દર વર્ષે સો ટકા જોબ પ્લેસમેન્ટનો દાવો કરવામાં આવી રહ્યો છે. આ સાથે કડી સર્વવિશ્વવિદ્યાલય દ્વારા કોરોના મહામારીના સમયમાં વિદ્યાર્થીના ભવિષ્યને ધ્યાનમાં રાખીને ઓનલાઈન પરીક્ષા લેવામાં આવી રહી છે જેમાં વિદ્યાર્થીઓને કોઈ પણ પ્રકારનું નુકસાન ના થાય તે મુજબનું આયોજન અને માળખુ ગોઠવવામાં આવ્યું છે.

# ગુજરાત સાહિત્ય સંગમ ગાંધીનગર દ્વારા પારૂલબેન ચૌધરીને ભાવભીની અંજલિ

ગાંધીનગર, તા. ૨૭

ગુજરાતી સાહિત્યના જ્ઞાનપીઠ એવોર્ડ પ્રાપ્ત કરનાર વરિષ્ઠ સાહિત્યકાર રઘુવીર ચૌધરીના ધર્મપત્ની પારુલબેનનું કોરોના સંક્રમણથી દેહાવસાન થતાં ગાંધીનગરના સાહિત્ય જગતમાં ઘેરા દુઃખની લાગણી પ્રસરી છે.

સદ્ગતના આત્માને શાંતિ માટે ગાંધીનગરના સાહિત્યકાર નટવર હેડાઉ, દોલત ભટ્ટ, કલ્પેશ પટેલ, દલિત કિશોર અગ્રવાલ, ભાનુપ્રસાદ પુરાણી અને અનેક ભાવકોએ ભાવભીની શ્રદ્ધાંજલિ પાઠવી છે.

# ઓનલાઈન ગુજરાતી કવિ સંમેલનનું ઉદ્‌ઘાટન કલાકાર જનક ઠક્કર દ્વારા કરાયું

ગાંધીનગર, તા. ૨૭

મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થા ગાંધીનગરના પ્રમુખ ડૉ ગુલાબચંદ પટેલ દ્વારા આયોજિત ઑન લાઈન ગુજરાતી કવિ સંમેલન ગીતનું ઉદ્ઘાટન પ્રસિધ્ધ ટી વી સીરિયલ સૂરીના મુખ્ય કલાકાર જનક ઠક્કર દ્વારા તારીખ ૨૬ મે ૨૦૨૦ના રોજ બપોરે બે વાગ્યે કરવામાં આવ્યું. જનકભાઈ એ સંસ્થાના અધ્યક્ષ ડૉ ગુલાબચંદ પટેલ ની લોક ડાઉન માં કરવામાં આવતી ઉમદા કામગીરી ને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા,



સંસ્થાના અધ્યક્ષ ડૉ ગુલાબચંદ પટેલ દ્વારા તેમનું શબ્દો રૂપી ફૂલ માળાથી સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સરસ્વતી વંદના શ્રીમતી વિમલા બેન પટેલ દ્વારા કરવામાં આવી હતી, સંચાલન સચિવ શ્રી રમેશભાઈ મૂલ વાણી દ્વારા સુંદર રીતે કરવામાં આવ્યું હતું, આ કાર્યક્રમ માં કુલ મળીને ૩૦ જેટલા કવિ ઓએ ભાગ લીધો હતો અને પોતાની ગીત કવિતા પ્રસ્તુત કરી હતી. સંસ્થાના અધ્યક્ષ ડૉ ગુલાબચંદ પટેલ દ્વારા વસંતઋતુનું સ્વાગત ગીત રજૂ કર્યું હતું. સચિવ રમેશભાઈ મૂલવાણી અને એડવોકેટ કાંતિભાઈ પટેલ દ્વારા પોતાની કવિતા રજૂ કરી હતી, આભાર અંતમાં સંસ્થાના ખચાનચી કે આઈ પટેલ એડવોકેટ દ્વારા માનવામાં આવ્યો હતો.

સંસ્થાના અધ્યક્ષ ડૉ ગુલાબચંદ પટેલ દ્વારા જન મન રાષ્ટ્ર ગીત રજૂ કરી કાર્યક્રમને પૂર્ણ જાહેર કરવામાં આવ્યો હતો.

## ડાયરેક્ટ ❤ સે

રોગમાં તમે જેટલા ઊંડા ઊતરશો... એટલો જ રોગ તમારામાં ઊંડો ઊતરશે...

## જન્મદિને વધામણી



જિજ્ઞેશ ટાટરિયા
ટાટરિયા કેટરર્સ



પારૂલબેન
કૌશિકકુમાર ખડાયતા



મંથન
કૌશિકકુમાર ખડાયતા



ભાસ્કર ધીરેન્દ્રભાઈ
પરમાર
મો. ૯૯૦૪૮ ૩૭૧૧૫

# મહારાણા પ્રતાપ જયંતિની આમૂલ પરિવર્તન દિવસ તરીકે ઉજવણી

ગાંધીનગર, તા. ૨૭

મહાન દેશભક્ત અને શૌર્યના પ્રતિક 'મહારાણા પ્રતાપ જયંતિને આમૂલ પરિવર્તન દિવસ' તરીકે ઉજવવાની ગુજરાત રાજ્યના રાજપૂત સંગઠનોની ગાઈડલાઈન મુજબ જેઠ સુદ-૩ તા.૨૫-૫-૨૦૨૦ ના રોજ ગાંધીનગરના સમગ્ર રાજપૂત પરિવારોએ ખૂબજ ઉત્સાહ પૂર્વક આ મહાન વિભૂતિને શ્રદ્ધાંજલિ આપી હતી.

કોરોના મહામારીને લીધે તા.૩૧-૫-૨૦૨૦ સુધી લોક ડાઉન હોવાથી દરેક રાજપૂત પરિવાર રાત્રે ૯ કલાકે પોતાનાં ઘેર એકત્ર થઈ મહારાણા પ્રતાપના ફોટાને ફૂલહાર કરી, દિપ પ્રાગટ્ય કરી શ્રદ્ધાંજલિ આપી. આ મહાન વિભૂતિને શ્રધ્ધાંજલી આપ્યાં બાદ મહારાણા પ્રતાપની દેશ ભક્તિ અને શૌર્ય અંગે વિગતે પરિવારને માહિતી આપવામાં આવી.

ગુજરાત રાજ્યમાં રાજપૂત સમાજમાં મૃત્યું પછીનાં વિધિ વિધાનમાં આમૂલ પરિવર્તન અંગેની ઝુંબેશ ઓગષ્ટ ૨૦૧૨ થી રણજીતસિંહ કોટડા નાયાણીની પ્રેરણાથી ચાલે છે તે અંગે વિસ્તૃત માહિતી પરિવારનાં સભ્યોને આપ્યાં બાદ આ અંગેનાં સંકલ્પની ચર્ચા કરી પરિવારનાં દરેક સભ્યને અનુકુળ હોય તે પ્રમાણે સંકલ્પ લેવાનો હતો તે દરેક સભ્યએ લીધો. આમ મહારાણા પ્રતાપ જયંતિ ને આમૂલ પરિવર્તન દિવસ× તરીકે સાચા અર્થમાં ઉજવવામાં આવી. કચ્છ કાઠિયાવાડ રાજપૂત સેવા સમાજ, ગાંધીનગરના બધાજ પરિવારોએ તેમજ ગુજરાત, ગુજરાત બહારના અને વિદેશના અનેક સંગઠનોએ પોતાના પરિવારોને રાત્રે ૯ કલાકે 'મહારાણા પ્રતાપ જયંતિને આમૂલ પરિવર્તન દિવસ' તરીકે ઉજવવા અનુરોધ કરેલ હોવાથી દેશ અને વિદેશનાં રાજપૂત પરિવારો એ ખૂબજ ઉત્સાહ પૂર્વક ઉજવી આ



મહાન વિભૂતિને સાચી શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.

રાજપૂત સમાજ આ ફક્ત એક 'મહારાણા પ્રતાપ જયંતિને આમૂલ પરિવર્તન દિવસ' તરીકે ઉજવી બેશી રહેવા નથી માગતો. રાજપૂત સમાજ હજુ આવતી ૧૫ ઓગસ્ટ વ્યસનમુકિત દિવસ તરીકે ઉજવવાનો છે. દરેક સંગઠન નવા વર્ષે સ્નેહ સંમેલનનું આયોજન કરે છે તે દિવસે અંધશ્રદ્ધા નાબૂદી દિવસ મનાવવાનો છે. ૧૫ જાન્યુઆરી મહારાજા શ્રી કૃષ્ણકુમારસિંહજી એ સૌ પ્રથમ પોતાનું રાજ અખંડ ભારત માટે દેશને સોંપેલ. આ દિવસને ત્યાગ દિવસ તરીકે ઉજવવાનો છે.

# નગરની સેવાભાવી સંસ્થા પારૂલ એસ ફાઉન્ડેશન બની કોરોના વોરિસર્સ



ગાંધીનગર, તા.૨૭

સેક્ટર-૨૪ ઈન્દિરાનગરમાં પારુલ એસ. ફાઉન્ડેશન ગાંધીનગર દ્વારા સરકારી આયુર્વેદિક હોસ્પિટલ સેક્ટર-૨૨ના સહયોગથી ઘરે ઘરે ઉકાળાનું વિતરણ કરવામાં આવે છે. આ ઉકાળા સતત-૭ દિવસ સુધી ચાલશે.

જયાં પોઝિટિવ કેસ છે. ત્યાંની આજુબાજુના વિસ્તારોમાં કોર્પોરેટર ધીરુભાઈ ડોડીયાના સહયોગથી સંસ્થા દ્વારા સેનેટાઈઝર દવાનો છંટકાવ કરવાનો આવી રહ્યો છે. આ કાર્યમાં સ્થાનિક વોર્ડના ભરત સોલંકી, અનિલભાઈ, નરસિંહભાઈ, ભગાભાઈ, વિનોદભી તથા પિન્ટુભાઈ સહકાર આપી રહ્યા છે. આ સેવાકાર્યમાં સંસ્થાના પ્રમુખ સંજય ડોડિયા તથા મહામંત્રી નટવરસિંહ ચોહાણ કોરોના વાયરસ સામે સુરક્ષા નિયમોનું પાલન કાર્ય કરી રહ્યા છે.

# કોરોના સંદર્ભે રત્નમણી મેટલ્સ એન્ડ ટ્યુબ્સ લિ. અમદાવાદ દ્વારા સરાહનીય સેવાકીય પ્રવૃત્તિઓ

## પી.એમ. કેર ફંડમાં રૂ. ૧ કરોડ અને સી.એમ. કેર ફંડમાં રૂ.૫૦ લાખનું યોગદાન આપ્યું

પાલનપુર , તા.૨૭

કોરોના મહામારીના સમયમાં સરકારશ્રીના વિરાટ પ્રયાસો સાથે ઘણા દાતાઓ, સેવાભાવી લોકો, સંસ્થાઓ પણ નોંધપાત્ર સેવાકીય કામગીરી કરે છે. આ વિશે વિવિધ મિડીયામાં આપણે ઘણા પ્રેરણાદાયી ઉદાહરણો જોઈએ છીએ.

રત્નમણી મેટલ્સ એન્ડ ટ્યુબ્સ લિ. અમદાવાદ દ્વારા કોરોના મહામારીના આ સમયે અમદાવાદ, બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં લોકોને ઉપયોગી સેવાકીય કામગીરી કરવામાં આવે છે. બનાસકાંઠા જિલ્લામાં ધાનેરા તથા નેનાવા વિસ્તારના ૭ ગામોમાં વિશેષ સેવાકીય કામગીરી કરવામાં આવી છે. બહેનો સ્વરોજગારી દ્વારા આર્થિક ઉપાર્જન કરી શકે તે હેતુથી કંપની દ્વારા ગ્રામીણ વિસ્તારમાં છેલ્લા છ વર્ષથી બહેનોને સિલાઈ કામ શીખવવામાં આવે છે. કોરોના સંકટ સમયે કંપની દ્વારા આ બહેનોને રોજગારી આપવા

**અમદાવાદ, બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં કોરોના વોરીયર્સને હજારો માસ્કનું વિતરણ તથા જરૂરીયાતમંદોને જીવનજરૂરી વસ્તુઓની કીટસ અપાઈ**

કોટનના ઉચ્ચ ક્વોલિટીના માસ્ક બનાવડાવી ડૉકટર, નર્સ, નર્સીંગ સ્ટાફ, સફાઈ કામદારો, ડેરીના કામદારો, શાકભાજી અને પ્રોવિઝન સ્ટોર્સના દુકાનકારો તેમજ હાઈવે ઉપર પોલીસ કર્મચારીઓ તથા આંગણવાડી કાર્યકરોને ત્રણ જોડ પ્રમાણે હજારોની સંખ્યામાં વોશેબલ માસ્ક વિતરણ કરવામાં આવ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે રત્નમણી મેટલ્સ એન્ડ ટ્યુબ્સ લિ. અમદાવાદ દ્વારા કોરોના સંદર્ભે વોરીયરની ભૂમિકામાં સરાહનીય યોગદાન આપવામાં આવે છે. કંપની દ્વારા પી.એમ.કેર ફંડમાં રૂ. ૧ કરોડની અને સી.એમ. કેર ફંડમાં રૂ. ૫૦ લાખનું યોગદાન આપવામાં આવ્યું છે.

સરકાર તરફથી જે લોકોને અનાજ આપવામાં આવ્યું છે તેવા લાભાર્થીઓ પૈકી વૃધ્ધ, નિરાધાર, વિકલાંગ, અંધ તથા બેરોજગાર વ્યક્તિઓને અનાજ સિવાયના રસોઈ માટે વિવિધ મસાલા, તેલ, ગોળ, ચા, સાબુ વગેરેની કીટસ બનાવી આવા લોકોને આપવામાં આવી છે. પાંચ માણસોના પરિવારને એક મહિનો ચાલી શકે તેટલી વસ્તુઓ કીટમાં મુકવામાં આવી છે.

આ કંપની દ્વારા વિવિધ ક્ષેત્રોમાં સેવાકીય પ્રવૃ?તિઓ હંમેશા કરવામાં આવે છે. કંપની દ્વારા આંગણવાડીઓ સહિત કેટલીક પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં સેવાકીય પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. આ શાળાઓ તથા આંગણવાડીઓમાં કંપની દ્વારા સેનેટાઈઝેશનની કામગીરી કરવામાં આવશે.



# ખુશાલીએ પક્ષીને આપી ખુશી

આદિ કવિ શ્રી નરસિંહ મહેતાની 'પીડ પરાઈ જાણે રે' પંક્તિને ગાંધીનગરની એક નાગર યુવતીએ તાજેતરમાં સાર્થક કરી છે. એક તરફ વૈશ્વિક મહામારી કોરોના અને બીજી તરફ કાળઝાળ ગરમીમાં પીસાતા માનવીઓની સાથે-સાથે અબોલ પશુ-પક્ષીઓની હાલત પણ દયનીય બની છે, ત્યારે ગાંધીનગરના સરગાસણ વિસ્તારમાં રહેતી નાગર યુવતી ખુશાલી જાગૃત હાથીએ ચકલીના એક નવજાત બચ્ચાને નવજીવન બક્ષ્યું છે. ખુશાલીના ઘર નજીક ચકલીનું એક તાજું જ જન્મેલું બચ્ચું ગરમીમાં તરફડતું હતું. આ ઉપરાંત, હજી ઉડતાં આવડતું ન હોવાથી તેને બિલાડી અને કૂતરાથી પણ જોખમ હતું. ખુશાલીએ આ બચ્ચાને કાળજીપૂર્વક પોતાના ઘરમાં લઈ, તેને ઠંડકવાળી જગ્યાએ રાખી, દાણા પાણી આપીને તેની સતત સંભાળ લીધી હતી. આ દરમિયાન ચકલી પણ પોતાના બચ્ચા પાસે સતત આવ-જા કરતી હતી. આખરે તે બચ્ચાને પાંખો ખીલતા તેણે ચકલી સહિત બચ્ચાને સુરક્ષિત રીતે ઉડાડી મુક્યા હતા. માતા-પિતા જાગૃતભાઈ અને પ્રીતિબેન તથા નાની કલાબેન એ પણ આ સેવાકાર્યમાં પુત્રીને સંપૂર્ણ સહયોગ આપ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે પક્ષીની સેવા કરવા વાળી ખુશાલી ગાંધીનગરના યુવા અને ઉભરતા સમાજ સેવક નિસર્ગ બુચના વાગદત્તા છે.